

# આ ડિજિટલ એરેસ્ટ એટલે શું?

## નિર્દોષને બેવકૂફ બનાવવાનો સાયબર ઠગ ટોળકીઓનો આ છે એક નવો તગડો ત્રાગડો!

ક્લોઝ-અપ જિંદગી
★ ભરત ઘેલાણી

કોરોનાના કપરા કાળ પછી જગતભરમાં આજના ઝડપી શોધ-સંશોધનના વિજ્ઞાન યુગમાં આર્થિક ક્ષેત્રે ડિજિટલ વ્યવહાર ધાર્યા કરતાં વધી ગયો છે અને એના કારણે સાઈબર ક્રાઈમની નવી ક્ષિતિજો ઊઘડી ગઈ છે.

વધી રહેલા સાયબર અપરાધોને લીધે છેલ્લા ચાર મહિનામાં લોકોએ રૂપિયા 17500 કરોડથી વધુ રકમ ગુમાવી છે!

'નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ'ના આંકડા મુજબ ગયા વર્ષે -2023માં સાયબર અપરાધની કુલ 15 લાખ 56 હજાર ફરિયાદ નોંધાઈ હતી એની સરખામણીએ આ વર્ષ -2024ના જાન્યુઆરીથી એપ્રિલ સુધીમાં સાયબર ફ્રોડના 7 લાખથી વધુ કેસ નોંધાયા છે અને હજુ તો આ વર્ષના મે થી ડિસેમ્બરના 8 મહિનાના આંકડા આવવાના બાકી છે!

આ લૂંટના આંકડા આપણા દેશના છે. આ જ સમયગાળા દરમિયાન એશિયાના ત્રણ દેશ : લાઓસ- કંબોડિયા- મ્યાનમારમાં વસતા ભારતીયોએ પણ આશરે રૂપિયા 1780 કરોડ સાઈબર ફ્રોડમાં ગુમાવ્યા છે!

આવા ગુનાઓને અવરોધવા સાયબર ક્રાઈમ પોલીસ વધુ ને વધુ સજ્જ થતી જાય છે તો બીજી તરફ, આવા ઓનલાઈન અમીર અલી ઠગો ડગલે ને પગલે નવી નવી ટ્રિક્સ અજમાવી રહ્યા છે.

શું છે એમની લૅટેસ્ટ 'મોડસ ઓપરેન્ડી'- કાર્યપદ્ધતિ?

આજે આ ક્રાઈમકથાની શરૂઆત તમારા દસ્તાવેજ એક શહેરથી બીજા શહેર પહોંચાડતી કુરિયર સર્વિસ આપતી કંપનીઓથી કરીએ. આવી કોઈ જાણીતી કુરિયર કંપની તરફથી એના 'શિકાર'ને કોઈ એક અજાણ્યા નંબરથી કોલ આવે છે. સામેથી કહેવામાં આવે છે કે :

''તમારું નામ ફલાણું ...ફલાણું છે? જુવો, હું 'ઢીંક્ણી' કુરિયરથી વાત કરું છું. તમારા નામથી એક કુરિયર પેકેટ કોરિયાથી આવ્યું છે. અમારા સ્કેનિંગમાં ખબર પડી છે કે એમાં ડ્રગ્સ જેવી કંઈક વાંધાજનક વસ્તુ છે. અમે પોલીસને જાણ કરી છે. તમને હવે કોઈ વરિષ્ઠ પોલીસ અધિકારીનો ફોન આવશે. એમને સંતોષકારક જવાબ આપજો.''

આવો જ કોઈ અજાણ્યા મોબાઈલ નંબરથી પણ કોલ આવી શકે. સામે છેડેથી તમને એમ કહેવામાં આવે કે ''હું દિલ્હી એરપોર્ટ પરથી કસ્ટમ ઓફિસર મિહિર રાઠોડ વાત કરું છું. કારગો વિભાગમાં બેંગકોકથી તમારા નામે એક પાર્સલ આવ્યું છે, જે અમને શંકાસ્પદ લાગે છે. અમે મુંબઈ બાન્દ્રા પોલીસને કેસ સોંપ્યો છે. ત્યાંના એક સીનિયર ઈન્સપેકટર જ્યંત વાનખેડે તમને ફોન કરશે. રુટિન ઈન્કવાયરી કરશે. ટેન્શન લેવાની જરૂર નથી. તમને એ 'મદદ' કરશે. સમજી ગયા ને?!''

આમ કસ્ટમ ઓફિસર અને પોલીસના નામે નિર્દોષને શિકાર બનાવાવાની વાત અહીં પૂરી નથી થતી. ભેજાંબાજ સાયબર ગઠિયા આનાથી પણ એક વધુ લા-જવાબ ખેલ પાડે છે. એ છે તમારી 'ડિજિટલ એરેસ્ટ'! શું છે આ 'આભાસી ધરપકડ' એ જાણતા પહેલાં આવા ત્રણ-ચાર લેટેસ્ટ કિસ્સા પણ જાણી લો. ઈનબોક્સ 12,232 પર રાખવામાં આવી છે.

બેંગલુરુની એક મલ્ટિનેશનલ કંપનીના વરિષ્ઠ લેડી એક્ઝિક્યુટને 'પોલીસ' તરફથી કહેવામાં આવ્યું કે અમારી પાસે તમારા કેટલાક વાંધાજનક દસ્તાવેજો છે. તમારા આધાર અને પેન કાર્ડનો ઉપયોગ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે કરવામાં આવ્યો છે, જેથી તમારી 'ડિજિટલ ધરપકડ' અમારે કરવી પડે છે!

10 કલાક સુધી ચાલેલા 'ડિજિટલ અરેસ્ટ'ના કૌભાંડમાં પેલા લેડી એક્ઝિક્યુટે રૂપિયા 51 લાખ રૂપિયા ચૂકવ્યા પછી એમને 'મુક્ત' કરવામાં આવ્યાં!

આ જ રીતે નોઈડાના એક નિવૃત્ત મેજર જનરલની પણ ચાર દિવસ ડિજિટલી ધરપકડ કરવામાં આવી હતી. એમની જેમ જ લખનૌના એક ન્યુરોલોજિસ્ટ ડૉ. રૂચિકા ટંડનની આવી કહેવાતી ધરપકડ કરીને પાછળથી અમુક રકમની ખંડણી પછી એમેને 'છોડી' મૂકવામાં આવ્યા હતાં...

ઈન્દોરના એક વૈજ્ઞાનિકને આમ જ ગોંધી રાખીને એમને કહેવામાં આવ્યું કે અમારી પાસે તમારાં એવાં ડોક્યુમેન્ટસ છે જેનાથી પુરવાર થાય છે કે તમે અમુક આતંકવાદી ગ્રુપ્સને દેશ- સુરક્ષાની ગુપ્ત માહિતી આપી દેશદ્રોહી પ્રવૃત્તિ કરી રહ્યા છો. પછી એમની પાસેથી રૂપિયા 72 લાખની જંગી રકમ ઓકાવવામાં આવી હતી!

હકીકતમાં આ ડિજિટલ ધરપકડ એ એક એવી ચાલબાજી છે જેના દ્વારા સાયબર અપરાધી શિકારની એના ઘરમાં જ કહેવાતી 'ધરપકડ' કરે છે. અહીં એરેસ્ટનો અમલ કરતો કોઈ પોલીસ અધિકારી તરીકે વિડિયો ક્લિપ પર પોઝ આપે છે અને શિકારને




ડરાવવા- છેતરવા માટે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા સર્જેલા અવાજનો ઉપયોગ કરે છે!

જો કે આ બધા સાયબર છેતરપિંડીના કિસ્સાઓમાં સૌથી રોચક ઘટના લુધિયાણાના ટેક્સટાઈલના ઉત્પાદક એવા 'વર્ધમાન ગ્રુપ'ના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર 83 વર્ષી એસ પી ઓસવાલની છે.

પોતાને મુંબઈ -કોલાબાની CBI ઓફિસના વરિષ્ઠ અધિકારી તરીકે ઓળખાવી વિડિયો કોલ પર કહેવામાં આવ્યું કે તમારા એક બેન્ક અકાઉન્ટન્ટમાંથી 'જેટ એરવેઝ' સાથે તમે જે મનીલોન્ડરિંગ કર્યું છે એની વિગતો અમને મળી છે માટે 'યુ આર અન્ડર એરેસ્ટ !'

આવી ડિજિટલ એરેસ્ટ પછી ઓસવાલજી પર રીતસર કોર્ટકેસની કાર્યવાહી થઈ


નિર્દોષ નાગરિકોને ધમકાવી કરોડો રૂપિયા પડાવવાની તરકીબ

દેશની કોઈ એજન્સી ડિજિટલ એરેસ્ટ કરતી નથી, સાવધ રહો

(અનુસંધાન નવમા પાને)

મહારાષ્ટ્ર પોલીસ- રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ કો ઓર્ડિનેશન દ્વારા લોકોને ચેતવણી : સીબીઆઈ, ઈડી, પોલીસ કોઈ કોર્ટ આ રીતે વીડિયો કોલથી ધરપકડ કરતાં નથી

બધાને સચેત રહેવા સાયબર ક્રાઈમ સેલની ચેતવણી...

જેમાં 'નામદાર જજ' દ્વારા દંડ રૂપે રૂ. 7 કરોડની રકમ વિભિન્ન બેંક ખાતામાં ભરવાનો આદેશ સુદ્ધાં આપવામાં આવ્યો. આ રકમની ભરપાઈ પછી ઓસવાલજીને ડિજિટલ એરેસ્ટમાંથી મુક્ત કરવામાં આવ્યા! આ કાંડની ફરિયાદ પછી સાયબર ક્રાઈમ સેલે બે આરોપીને ઝડપી લઈ પાંચ કરોડ પાછા પણ મેળવ્યા. એ સાયબર ગેન્ગના હજુ પાંચેક આરોપીની શોધ ચાલુ છે. એક અહેવાલ મુજબ છેલ્લા પાંચેક મહિનામાં આવી ડિજિટલ એરેસ્ટથી રૂપિયા 400 કરોડ વિભિન્ન શિકાર પાસેથી પડાવવામાં આવ્યા છે! આવી આભાસી ધરપકડ પછી આજકાલ આવા જ બે શબ્દ બહુ ઝડપથી પ્રસરી રહ્યા છે. આ બન્ને ચોંકાવનારા શબ્દ પણ અતિ ગંભીર અપરાધોને જ લગતા છે.

એ છે : ડિજિટલ કિડનેપિંગ અને ડિજિટલ રેપ! કોઈને ખાસ કરીને ઓનલાઈન પર વધુ પડતાં સક્રિય હોય એવા વિદ્યાર્થી કે તરુણ -તરુણીને ''તારે હવે તારાં મમ્મી-પપ્પાનો સંપર્ક નથી કરવાનો ને જો કરીશ તો એમને અમે પતાવી દેશું!'' એવી સતત ધાક-ધમકી આપીને સાયબર અપરાધીઓની ટુકડી તરુણ -તરુણીને એમનાં મા-બાપ સાથેનો સંપર્ક તોડાવી નાખે. પછી ચિંતાગ્રસ્ત મા-બાપને પેલી ગેંગવાળા ધમકી આપે કે ''તમારા પુત્રને અમે કિડનેપ કર્યો છે. 'આટલી' રકમ આપો તો જ અમે એને છોડીશું,નહીંતર...! ''

આવી જ ધમકી તરુણીના ઘેર પણ અપાય કે ''આટલી રકમ ચૂકવો,નહીંતર તમારી પુત્રી પર બળાત્કાર કરીશું!''

આમ આભાસી અપહરણ અને વર્ચ્યુઅલ રેપની ધમકી આપીને તગડી ખંડણી વસૂલીના કિસ્સા વિદેશમાં વધતા જાય છે. સદભાગ્યે હજુ આપણે ત્યાં આવા કિસ્સા નોંધાયા નથી તો પણ બીજી તરફ, 'સાયબર એરેસ્ટ'ની ઘટના આપણે ત્યાં બહુ ઝડપથી વધી રહી છે.

ખાસ કરીને આજની ડિજિટલ -સાયબર ટેક્નિક્સથી અજાણ હોય એવા સીનિયર સિટિઝન્સને ચેતવવા માટે કેન્દ્ર સરકારના ગૃહખાતા તરફથી આજકાલ દેશભરમાં મોટેપાયે અખબાર -TV અને સોશ્યલ મીડિયા પર જાહેરખબર થઈ રહી છે.

આ દુનિયામાં નિર્દોષ પારેવાં અનેક છે અને એમનો શિકાર કરનારા ચતુર પારધી પણ ઘણા છે. આમ આદમીએ પણ હવે નવી નવી ટેકનોલોજીથી વધુ અજ્ઞાની રહેવું નહીં પોસાય. આપણું અ-જ્ઞાન ઓનલાઈન કૌભાંડકારીઓ માટે ઉપકારક નીવડે છે.